**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૮૫ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બપોરે ૩ કલાકે સે-૧૩-બી પ્લોટ નં. ૯૭૬/૨ની સામેના શકિત ચોકમાંથી નવદુર્ગાના નવસ્વરૂપોના રથની શોભાયાત્રા નીકળશે જે વિવિધ સેકટરોમાંથી પસાર થઈ રામકથા મેદાન ગરબા ગ્રાઉન્ડ સુધી પહોંચશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩ના મધુબેન કે. કડીકર દ્વારા બપોરે ૨.૩૦ થી ૫ દરમિયાન ગુરુ બ્રહ્મા નારીશકિત બળિયાદેવ મંદિર ચાંદખેડા ખાતે આનંદનો ગરબો યોજાશે.

## ૧લી ઓકટોબરે આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૮

તા. ૧લી ઓકટોબરના દિવસે આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. જે નિમિત્તે એ.યુ.સ્મોલ ફાયનાન્સ બેંક, જિલ્લા પુસ્તકાલય સે-૨૧ અને ગુંજન લાફીંગ કલબ સેકટર-૨૨ના સંયુકત ઉપક્રમે તા. ૧લી ઓકટોબરના રોજ આરોગ્ય લક્ષી પ્રવચન તથા ૨૧મી સદીમાં વરિષ્ઠ નાગરિકોને જીવવાની ૨૧ જડીબુટ્ટી થીમ રાખવામાં આવેલ છે. સવારે સાડા નવ વાગે જિલ્લા પુસ્તકાલય જીમખાનાની બાજુમાં સે-૨૧ ગાંધીનગર ખાતે કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમના અંતે ડાયાબીટીસ અને બ્લડપ્રેશર ફ્રીમાં ચેકઅપ કરી આપવામાં આવશે.

# આ વર્ષે માતાજીના પ્રસાદમાં કાજુ અને બદામ પુરી ઉમેરાયા

## નવરાત્રીના નવ દિવસ માટેના વિવિધ પ્રસાદ શહેરમાં ઉપલબ્ધ



ગાંધીનગર, તા.૨૮

નવરાત્રીનો તહેવાર શરુ થતા જ માતાજીની આરતી-પૂજા બાદ પ્રસાદ અર્થે ભકતો વિવિધ મિષ્ઠાન માતાજીને ચઢાવવા માટે લેતા હોય છે. શહેરના મિષ્ઠાન પાર્લરમાં વિવિધ મિઠાઈઓ બનવાની તૈયારી થઈ ગઈ છે. આજથી જ શહેરમાં પચ્ચીસ જેટલા વિવિધ પ્રકારના પ્રસાદ આ વર્ષે વેચાણમાં છે જેમાં શહેરના મિષ્ઠાન વેપારીઓ દ્વારા પ્રસાદીયા પેંડાથી લઈ સીંગ સાકર, બરફી, કાજુ પુરી જેવી વિવિધ મિઠાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શહેરના મિષ્ઠાન ભંડાર રાધે તથા વૃંદાવનની મુલાકાત લેતા જાણવા મળ્યું કે કુલ ૨૫ કરતા વધુ મિઠાઈ સાથે ડ્રાયફ્રુટ પ્રસાદ, મહાપ્રસાદ શીરો નવરાત્રીમાં ઓર્ડર મુજબ બને છે તથા અમુક જથ્થામાં પહેલેથી જ તૈયાર કરવામાં આવતો હોય છે.


**નવરાત્રી સ્પે. પ્રસાદ**

| પ્રસાદ | ભાવ એક કિલોનો |
|---|---|
| સફેદ પ્રસાદીયા પેંડા | ૩૮૦ |
| કેસર પ્રસાદીયા પેંડા | ૪૨૦ |
| કંચન ભોગ | ૪૪૦ |
| પ્રસાદીયા બરફી | ૪૬૦ |
| મોતીચુર લાડુ | ૪૪૦ |
| કોકોનટ કતરી | ૪૬૦ |
| કાજુ કતરી | ૮૨૦ |
| કેસર કતરી | ૮૬૦ |
| અંજરી કતરી | ૮૮૦ |
| અંજરી ચક | ૯૬૦ |
| સુખડી | ૩૨૦ |
| મીની ગલેફા | ૪૦૦ |
| કાજુ પુરી | ૯૬૦ |
| બદામ પુરી | ૯૬૦ |
| છુટી બુંદી (શુધ્ધ ઘી) | ૩૬૦ |
| મીની કલાકંદ | ૪૬૦ |
| કેસર રોલ | ૯૨૦ |
| અંજીર રોલ | ૯૨૦ |
| ડ્રાયફ્રુટ બાઈટસ | ૧૦૦૦ |
| સીંગ ચીક્કી | ૨૪૦ |
| તલ ચીક્કી | ૨૮૦ |
| માવા ચીક્કી | ૨૮૦ |
| રેવડી | ૨૪૦ |
| સાકર | ૧૦૦ |
| મગસ લાડુ | ૪૪૦ |
| સ્પે. ડ્રાયફ્રુટ પ્રસાદ | ૨૨૦થી |
| સ્પે. મહાપ્રસાદ (શીરો) | ૩૨૦ |

મીઠાઈ જેવી કે ખાસ વેચાતા સફેદ અને કેસર પ્રસાદીયા પેંડા, કાજુ કતરી, છુટ્ટી બુંદી, ડ્રાયફ્રુટ પ્રસાદ વધુ જથ્થામાં જ બનાવવામાં આવે છે. આ ઉપરાંત આ વર્ષે સુગર ફ્રી સ્વીટ સાથે ડ્રાયફ્રુટસ બાઈટસ પણ ચલણમાં છે. કાજુ પુરી અને બદામ પુરી આ વર્ષે ગ્રાહકો માટે નવીનતા ભર્યા ટેસ્ટ સાથે ઉમેરાયા છે. મિઠાઈમાં પ્રસાદીયા પેંડા, કંચનભોગ, બરફી, મોતીચુર લાડુ, કોકોની કતરી, કાજુ કતરી, કેસર કતરી, અંજીર કતરી, અંજીર ચક્ર, સુખડી, મીની ગલેફા, કાજુ પુરી, બદામ પુરી, છુટી બુંદી, મીની કલાકંદ, કેસર રોલ, અંજીર રોલ, ડ્રાયફ્રુટ બાઈટસ સીંગ અને તલની ચીક્કી, માવા ચીક્કી, રેવડી, સાકર, મગસ લાડુ, ઘેવર, પેંડા, ટોપરા પેંડા, થાબડી પેંડા, હલવાસન, મથુરા પેંડા, સ્પેશિયલ ડ્રાયફ્રુટ પ્રસાદ સાથે સ્પે. મહાપ્રસાદ શીરો ભકતો માતાજી માટે પ્રસાદ અર્થે ખરીદી શકશે.

## પ્રભુપુરા ગામની સીમમાં જુગાર રમતા પાંચ ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા પ્રભુપુરા ગામના સ્મશાન પાસેથી જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. ડભોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.આર.રાઠોડની ટીમના કોન્સ્ટેબલ કિરણકુમારને જુગાર અંગે બાતમી મળી હતી. જેમાં જુગાર રમતા અમદાવાદના સુરેશ રણછોડભાઈ પટેલ(યોગીકૃપા સોસાયટી,રાણીપ), જીતેન્દ્ર ચતુરદાસ પટેલ (નર્મદનગર વિભાગ-૧ રાણીપ) વિશાલ શંભુભાઈ પરમાર (રેલ્વે કોલોની સાબરમતી), નિખીલ દામજીભાઈ પટેલ (સુજાતા પાર્ક નિકોલ) તેમજ શકરા રામાભાઈ પ્રજાપતિ (ન્યુ રેલ્વે કોલોની સાબરમતિ) ને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી પોલીસે રોકડા રૂ.૨૬,૪૫૦ અને પાંચ મોબાઈલ મળીને કુલ રૂ.૩૦,૯૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તમામ સામે જુગાર ધારાનો કેસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીના સહયોગથી એન.એ.બી. ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ભીખુદાન ગઢવી તથા કલાકાર વૃંદનો લોકડાયરો ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં કનોરિયા હોસ્પિટલના મુખ્ય અધિક્ષક ડૉ. રાજેન્દ્ર આનંદ એન.એ.બી. ગાંધીનગર જિલ્લા શાખાના પ્રમુખ મોહનભાઈ પટેલ તથા ટ્રસ્ટી સભ્યો સાથે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● ડ્રીમગર્લ
૧૦.૦૦, ૧૧.૩૦, ૨.૨૦, ૩.૪૦, ૫.૧૦, ૮.૦૦, ૯.૩૦, ૧૦.૪૫

● છીછોરે
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૧૫

● સેકશન ૩૭૫
૧૨.૫૦, ૬.૩૦, ૯.૪૫

● એબોમીનેબલ (અંગ્રેજી)
૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૫.૧૫, ૭.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● ડ્રીમગર્લ
૧૧.૦૦, ૧.૫૦, ૪.૪૦, ૭.૩૦, ૧૦.૨૦

● પ્રસ્થાનમ્ (હિન્દી)
૧૦.૧૫

● પલ પલ દિલ કે પાસ
૪.૧૫

● છીછોરે
૧૦.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૩.૧૫, ૪.૧૫, ૬.૧૫, ૭.૧૫, ૯.૧૫, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● ડ્રીમગર્લ
૧૦.૪૫, ૧૨.૧૫, ૧.૩૦, ૩.૦૫, ૪.૨૦, ૫.૫૫, ૭.૧૦, ૮.૪૫, ૧૦.૦૦

● છીછોરે
૧૦.૦૦, ૧૧.૧૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦, ૯.૦૦, ૧૦.૦૦

● પલ પલ દિલ કે પાસ
૧૨.૦૦

● પ્રસ્થાનમ્ (હિન્દી)
૫.૦૫

## જલારામ મહિલા મંડળ દ્વારા ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૮

જલારામ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા નવરાત્રી નિમિત્તે તા. ૨ ઓકટોબરના રોજ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા જલારામ મંદિર સે-૨૯ ખાતે બપોરે ૨ થી ૫ દરમિયાન યોજાશે તથા જે બહેનોને માથે ગરબા લઈ ગરબા રમવા હોય તેઓએ ઘરેથી ગરબા લઈ આવવા તેમ સંસ્થાના પ્રમુખ નીતાબેન ધોકાઈ તથા મંત્રી ઉષા જી. ઠકકર દ્વારા જણાવાયું છે.

# શહેરમાં ડી.ઓ.ડી. ડાન્સ સ્પર્ધા યોજાઈ

**ડાન્સ સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાંથી સ્પર્ધકોએ ભાગ લીધો : વિજેતાને બોલીવુડ મ્યુઝિક વિડીયોમાં એન્ટ્રી મળી**



ગાંધીનગર, તા.૨૮

શહેરના અભિરાજસિંહ ઝાલા (મેગી) દ્વારા ચલાવવામાં આવતા એમઆરડીસી (MRDC) ગ્રુપ દ્વારા હાલમાં જ ઈન્ડિયન ડાન્સ - હીપ હોપ ડાન્સ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીતવામાં આવ્યો હતો. તેમની જેમ શહેર અને ગુજરાતના ડાન્સર્સ પણ આગળ વધે તે ઉદ્દેશ્યથી મેગી એન્ડ ગ્રુપ દ્વારા શહેર અને સમગ્ર ગુજરાતના બાળકો માટે ડી.ઓ.ડી. સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સમગ્ર ગુજરાતમાંથી બાળકોએ ડાન્સ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ડાન્સ સ્પર્ધાના ઓડિશન બાદ સેમિફાઈનલ ત્યારબાદ ફાઈનલ સ્પર્ધા તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાઈ હતી. જેમાં ડાન્સ, ફેશન શૉ તથા ડાન્સ બેટલ થઈ હતી.

ડીઓડી એટલે કે કોઈ પણ સ્ટાઈલમાં ડાન્સ કરી શકાય કોઈને કોઈ બાંધછોડ નથી. આ સ્પર્ધા ગાંધીનગરનો પ્રથમ ટીકીટ શૉ હતો જેમાં વર્ષ ૬ થી ૫૨ની વય જૂથના કુલ ૩૫૦થી વધુ સ્પર્ધકોએ ગાંધીનગર, પાલનપુર, કલોલ, હાલોલ, દ્વારકા, અમદાવાદ, વીજાપુરથી ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે મુંબઈ બોલીવુડથી જીતસિંગ, ડીઆઈડીમાંથી કમલેશ પટેલ, ઓસ્ટ્રેલિયામાં શૉ ડિઝાઈન કરતી અને ગાંધીનગરના રહેવાસી ઉન્નતિ પટેલ, યુ ટયુબ પર પંદર હજારથી પણ વધુ વ્યુ ધરાવતા ઝીરો ગ્રેવીટી, ડાન્સ પ્લસ ઉના કેયુર વાઘેલા તથા ગાંધીનગરના આર્ટીસ્ટ દિવ્યકાંત વર્માએ ફાળો આપ્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેકને સર્ટીફીકેટ તથા દરેક કેટેગરીમાં જીતનાર પ્રથમ ત્રણ વિજેતાઓને કેશ પ્રાઈઝ, ટ્રોફી, સર્ટીફીકેટ સાથે બોલીવુડ મ્યુઝિક વિડિયોમાં કામ કરવાનો લ્હાવો મળ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા દરેક કુટુંબીજન, એમઆરડીસી ટીમ તથા સ્પર્ધકોના માતા-પિતાનો મહત્વનો ફાળો રહ્યો હતો.

## નવરાત્રીમાં બહેનોમાં 'નેઈલ આર્ટ'નો ક્રેઝ



ગાંધીનગર, તા.૨૮

નવલી નવરાત હવે આવી ચુકી છે. ખેલૈયાઓ પુરી તૈયારી સાથે ગરબા રમવા આતુર છે. વરસાદી માહોલ વચ્ચે પણ ઉત્સાહ ભરપુર છે. નવરાત્રીમાં ચણીયાચોળીની વિવિધ ફેશન સાથે ઘરેણાં અને હેરસ્ટાઈલ અને મેકઅપનું મહત્વ છે તેમ હવે 'યંગસ્ટર'માં 'નેઈલ આર્ટ'નો ક્રેઝ ઉભો થયો છે. રૂપિયા ૩૫૦થી લઈ રૂ. ૪૦૦૦ સુધી બંને હાથ પર નેઈલ આર્ટ ખેલૈયાઓ કરાવી રહ્યા છે. જેમાં ગ્લીટર,



ડાયમંડ, માઈલર, થ્રીડી જેવી વિવિધ સ્ટાઈલનો ઉપયોગ થાય છે. લગભગ ૪૦ મીનીટના સમયથી લઈ ૨ કલાક સુધીનો સમય લાગે છે. હવે તો પ્રોફેશનલી નેઈલ આર્ટ ટ્રીટમેન્ટ યંગ સ્ટર અને મહિલાઓ કરાવી રહી છે. જેવી ચણિયાચોળી એવી મેચીંગ નેઈલ આર્ટ નવરાત્રીમાં અવશ્ય જોવા મળશે. ત્યારે આ વર્ષે નવલી નવરાતમાં મહિલાઓ નેઈલ આર્ટ સાથે ગરબે ઘુમતી જોવા મળશે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ગુરૂ ગ્રંથ સાહેબની ૫૫૦મી યાત્રાનું સ્વાગત કરાયું

ગાંધીનગર, તા.૨૮

કરતારપુરથી પ્રસ્થાન થયેલ શીખોના પ્રથમ ધર્મગુરુ ગુરુ ગ્રંથસાહેબની ૫૫૦મી જન્મજયંતી પ્રસંગે ગાંધીનગર ખાતે આવેલ પવિત્ર યાત્રાનું ગાંધીનગર શહેર વસાહત મહામંડળના કિશોર જીકાદરા, પ્રદિપ સોલંકી, સીતારામ પટેલ, સુધીર દેસાઈ સહીત સૌએ જ-૭ ચિલોડા સર્કલ ખાતે પરમજીત છાબડા સાથે રહી પુષ્પઅર્પણ કરી ગુરુજીના ગાંધીનગર પર આશીર્વાદ ઉતરે તેવી પ્રાર્થના કરી હતી. ગાંધીનગર ખાતેના ગુરુ દ્વારાના ગ્રંથી સાહેબ તથા સૌનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

# ગુડા વિસ્તારોની ફલેટ-એપાર્ટમેન્ટસની નવરાત્રીના આયોજકોનો 'પ્લાન-બી' : 'પાર્કિંગમાં કરીશું આરતી'

ગાંધીનગર, તા.૨૮

નવલી નવરાત્રી તો આવી પહોંચી છે પરંતુ આ વર્ષે નવરાત્રી પર મેઘરાજાના ઓછાયા વર્તાઈ રહ્યા હોવાથી નવરાત્રીના આયોજકોથી માંડીને ખેલૈયાઓ તમામ ચિંતાતુર જણાય છે. મોટા મોટા પાર્ટી પ્લોટથી માંડીને સોસાયટીના ચોકમાં યોજાતા ગરબાના આયોજકો પણ અવઢવમાં મુકાયા છે. ગાંધીનગરની આસપાસના ગુડા વિસ્તારમાં વિકસેલા નવા સોસાયટી વિસ્તારમાં પણ વરસાદી સીઝનના પગલે નવરાત્રીનો માહોલ જામ્યો નથી પરંતુ ફલેટ-એપાર્ટમેન્ટની નવરાત્રીના આયોજકો દ્વારા 'માતાજીની ગરબી અને તેની આરતી' સાચવી લેવા 'પ્લાન-બી' તૈયાર રખાય છે. જે મુજબ ફલેટ-એપાર્ટમેન્ટ નીચેના પાર્કિંગમાં નવરાત્રી ઉજવવાની વ્યવસ્થા તૈયાર રાખવામાં આવી છે.

યુધ્ધનું મેદાન હોય કે કોઈ કંપનીની મેનેજમેન્ટ ઈવેન્ટ હોય, હંમેશા આકસ્મિક સંજોગોને ધ્યાનમાં રાખીને જે મુખ્ય પ્લાન તૈયાર કર્યો હોય તે



નિષ્ફળ જાય ત્યારે તેના સ્થાને ઓછી નુકસાની વ્હોરીને કામ ચલાવી લેવા માટે 'પ્લાન-બી'નો વિકલ્પ તૈયાર રાખવામાં આવતો હોય છે. આ પ્રકારનું આયોજન રમતના મેદાનમાં 'મેચ' દરમિયાન અથવા રાજકારણમાં ચુંટણીઓ દરમિયાન પણ કરવામાં આવતું હોય છે. આ વ્યુહરચનાને આ વર્ષે વાવોલ, કુડાસણ, સરગાસણ, રાયસણ, રાંદેસણ જેવા ગુડા વિસ્તારોમાં વિકસિત ફલેટ એપાર્ટમેન્ટસની નવરાત્રીના આયોજકો દ્વારા વરસાદી વિઘ્નના તોળાઈ રહેલા જોખમ સામે અપનાવી છે. અત્યારે જે રીતે દરરોજ રાત્રિના પ્રારંભ સમયે જે રીતે વરસાદી રમઝટ જામે છે તેને અનુલક્ષીને આ વ્યુહરચના ફલેટ એપાર્ટમેન્ટસની સોસાયટીના નવરાત્રી આયોજકો દ્વારા તૈયાર કરાઈ છે જે મુજબ અગર નવરાત્રીમાં ગરબા સમયે વરસાદ પડે અથવા અગાઉથી વરસાદ ચાલુ હોય તો માતાજીની આરતી અને પાંચ ગરબી ગાવાની અનિવાર્યતાને સાચવી લેવા ફલેટ એપાર્ટમેન્ટ નીચેના પાર્કિંગ પ્લોટને ખાલી કરી ત્યાં માંડવળી શીફટ કરી પ્રસંગ સાચવી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. મોટા ભાગની સોસાયટીઓમાં માંડવળીનો મંડપ વોટરપ્રુફ બનાવાઈ રહ્યો છે જેથી માતાજીની આરતી તો ચાલુ વરસાદે પણ કરી શકાય જેથી નવરાત્રિના નવ દિવસોમાં માની આરતી કરવાની ચુકી ના જવાય અને કોઈની ધાર્મિક લાગણી પણ મૌસમની વિષમતાનો ભોગ ના બને.



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા તથા તેજ આઈ કેર હોસ્પિટલના ડૉ. તેજલ દલાલ અને ટીમ દ્વારા સે-૨૬ ગ્રીનસીટી સ્થિત હનુમાનજી મંદિર ખાતે આઈ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૭ દર્દીઓની આંખો તપાસવામાં આવી હતી તથા ૩૭ વ્યકિતઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવા હર્ષાબા ધાંધલ તથા વસાહતીઓનો મહત્વનો ફાળો રહ્યો હતો.

## ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૨૨ પેકેટ ચોખાનું વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૨૮

ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા તથા ભાટાઈમાં કુલ ૬ ગામોના ૧૨૨ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા તથા સેવ મમરાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં પ્રણવ જોષીપુરા, દિપક શાહ, અમૃતભાઈ, ડૉ. અતુલભાઈ તથા મિલિન્દભાઈનો સહકાર રહ્યો હતો.

## ચિરવિદાય

● સ્વ. રાઠોડ જેણાભાઈ વરૂભાઈ, ઉ.વ. ૮૧
● સ્વ. ઠાકોર અંબાલાલ સુરસંગજી, ઉ.વ. ૪૪
● સ્વ. ઠાકોર શાંતાબેન ગાંડાજી, ઉ.વ. ૮૫
● સ્વ. પરીખ લીલા સુનિલ, ઉ.વ. ૬૦
● સ્વ. સોલંકી પાલીબેન પોપટજી, ઉ.વ. ૬૩
● સ્વ. ઠાકોર મુનીબેન ગોરધનજી, ઉ.વ. ૩૨
● સ્વ. જયસ્વાલ સીતાબેન છગનભાઈ, ઉ.વ. ૭૯
● સ્વ. બ્રહ્મભટ્ટ શારદાબેન હરીશભાઈ, ઉ.વ. ૮૬
● સ્વ. ચાવડા નટુજી તખુજી, ઉ.વ. ૫૨
● સ્વ. ઝાલા સવિતાબેન પરબતજી, ઉ.વ. ૫૪
● સ્વ. પી.કે. દયાનંદન, ઉ.વ. ૭૩